# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/2327 તા.૦૭/03/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

આ સામેલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સમગ્ર શિક્ષા,ગાંધીનગરના તા.૧૮/૦૨/૨૦૨૫ પત્ર અન્વયે શાળાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ થાય તે માટે શાળાઓને અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

જે. રંજીથકુમાર, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

સમગ્ર શિક્ષા
Samagra Shiksha
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

ક્રમાંક: SSA/MIS/2025/૧૪૯૩-૧૫૨૮

તા.૧૮/૦૨/૨૦૨૫

પ્રતિ,

(૧) કલેક્ટરશ્રી (તમામ જિલ્લાઓ)
ગુજરાત રાજ્ય.

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ જિલ્લાઓ)
ગુજરાત રાજ્ય.

**વિષય: વિદ્યાર્થીઓ માટે Automated Permanent Academic Account Registry (APAAR) ID ની રચના.**

મહોદય,

આપ જાણો છો તેમ, નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP), ૨૦૨૦ના સંદર્ભમાં, ભારત સરકારના શિક્ષા મંત્રાલય (MoE) ના શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DoSEL) દ્વારા "એક રાષ્ટ્ર, એક સ્ટુડન્ટ ID" ના ઉદ્દેશ્ય સાથે APAAR (ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી) ID બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેનો ઉદ્દેશ્ય દરેક વિદ્યાર્થીને આજીવન એક અનન્ય (Unique) APAAR ID પૂરો પાડવાનો છે. આ ID વિદ્યાર્થીઓની સમગ્ર શૈક્ષણિક સફરમાં તેમની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવામાં મદદ કરશે તેમજ Digilocker ઇકોસિસ્ટમના ગેટવે તરીકે પણ કામ કરશે.

ગુજરાત રાજ્યમાં APAAR IDની કામગીરી જોઇએ તેવી વેગવંતી બની નથી. આથી, સદર કામગીરીમાં વેગ આવે અને સત્વરે પૂર્ણ થઇ શકે તે માટે આપના જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ થઇ જાય તે સુનિશ્ચિત કરવા આપની કક્ષાએથી સમીક્ષા હાથ ધરવા વિનંતી છે. આપના જીલ્લામાં AADHAR એનરોલમેન્ટ કીટની કામગીરી તાલુકા કક્ષાએ તથા વધું નામાંકન ધરાવતી શાળાઓને ધ્યાને લઇ તેમજ આ અંગે શાળાઓ અને વાલીઓને અગાઉથી જાણ થાય તે અંગે યોગ્ય આયોજન કરવું, જેથી જરૂર જણાયે વિદ્યાર્થીઓ દ્વારા APAAR ID જનરેટ કરવા તેમની AADHARની વિગતોમાં પણ જરૂરી અપડેટ કરાવી શકે.

વધુમાં, DoSEL, MoE દ્વારા રાજ્યોને દર મહીને ૯ અને ૧૦ તારીખે "Mega APAAR DIWAS" ઉજવવા સૂચવેલ છે. "Mega APAAR DIWAS" અંતર્ગત શાળાઓ વધુમાં વધુ વિદ્યાર્થીઓના APAAR ID જનરેટ થાય તે ખાસ સુનિશ્ચિત કરવું.

આ કામગીરીના મહત્વને જોતાં, APAAR IDની કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી/જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટરશ્રી મારફત આપની કક્ષાએથી નિયમિત ધોરણે જરૂરી મોનિટરીંગ અને સમીક્ષા હાથ ધરાય તેવી અપેક્ષા છે.

શુભેચ્છા સહ,

20 FEB 2025

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર